UK Health Security Agency

# હેપેટાઇટિસ A વિશે

હેપેટાઇટિસ એ એક ચેપી રોગ છે જે લિવરને અસર કરે છે. તેની કોઈ સારવાર નથી, પરંતુ મોટા ભાગના લોકો 6 મહિનામાં સારા થઈ જાય છે. ભાગ્યે જ કિસ્સાઓમાં, કેટલાક લોકોને ગંભીર લિવર રોગ થઈ શકે છે. ચેપ થી બચવા માટે રસીકરણ અને સારી સ્વચ્છતા શ્રેષ્ઠ માર્ગ છે.

## કારણો અને ફેલાવો

હેપેટાઇટિસ A વાયરસ થી થાય છે. આ વાયરસનો ચેપ વ્યક્તિના સંડાસમાં રહે છે. તે સપાટી પર ઘણા કલાકો સુધી ટકી શકે છે અને હાથ અને ખોરાક પર લાંબા સમય સુધી ટકી શકે છે. તે લોકોમાં સરળતાથી ફેલાય છે.

## લક્ષણો

હેપેટાઇટિસ A ના લક્ષણોમાં શામેલ છે:

- ઊંચું તાપમાન
- ફ્લૂ જેવા લક્ષણો
- માંદગી
- કમળો (ત્વચા અને આંખોનો સફેદ ભાગ પીળો થવો)
- ગ્રે સંડાસ અથવા ઘેરા ભૂરા રંગનો પેશાબ

કેટલાક બાળકોમાં કોઈ લક્ષણો દેખાતા નથી, પરંતુ તેમ છતાં તેઓ અન્ય લોકોને ચેપ લગાવી શકે છે.

## તમને ચેપ કેવી રીતે લાગી શકે

મને હેપેટાઇટિસ A આનાથી થઈ શકે છે:

- ગંદુ પાણી પીવું
- ચેપ વાળો ખોરાક ખાવો
- ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે નજીકનો શારીરિક કોન્ટેક્ટ, જેમાં સેક્સ માણવું અથવા ડ્રગ્સનાં ઉપયોગ માટે સોય શેર કરવી શામેલ છે.

## ફેલાવો અટકાવો

તમારા હાથ સાબુ અને પાણીથી ધોવા:

- શૌચાલય ગયા પછી
- ભોજન ખાતા પહેલા કે બનાવતા પહેલા
- ગંદા ડાયપર અથવા બીમાર લોકો અને તેમના કપડાં ને હાથે અડ્યા પછી

તમારા લક્ષણો શરૂ થયા પછી 7 દિવસ સુધી તમારામાં વાયરસ ફેલાવાની શક્યતા સૌથી વધુ રહે છે.

## રસીકરણ

તમે હેપેટાઇટિસ A રસી મેળવી શકો છો જો તમે:

- છેલ્લા 2 અઠવાડિયામાં ચેપી વ્યક્તિ સાથે નજીકના શારીરિક સંપર્ક માં આવ્યા છો
- એવા દેશમાં મુસાફરી કરી રહ્યા છો જ્યાં હેપેટાઇટિસ A વધુ સામાન્ય છે.
- લાંબા ગાળાના યકૃત રોગ અથવા હિમોફિલિયા હોય
- પુરુષ જે પુરુષો સાથે સેક્સ કરે છે
- એવી નોકરીમાં કામ કરો જે તમને ચેપનું ઉચ્ચ જોખમ રાખે છે, જેમ કે ગટર કામદાર

## હેપેટાઇટિસ A વિશે વધુ જાણો

હેપેટાઇટિસ A અને તેના લક્ષણો વિશે વધુ માહિતી માટે NHS વેબસાઇટ nhs.uk/conditions/hepatitis-a/ ની મુલાકાત લો અથવા QR કોડ સ્કેન કરો.